અપીલ અરજી નં.૨૧૨ તા.૪–૧૦ –૧૦/૧૧

અરજદારઃ– શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીની તા.૧૨–૮–૧૦ ની અરજીથી પશ્ચિમઝોન તરફથી બીપીએમસી એકટ –૧૯૪૯ ના શીડયુલ ચેપ્ટર–૧૪ ,રૂલ્સ ૧૦/૧ મુજબની તા.૬–૮–૧૦ ના રોજ પાઠવેલ નોટીસની વિગતના સંદર્ભે નોટીસમાં જણાવ્યા મુજબ આજુ બાજુના રહીશો (૧) (અ) ગંદો કચરો (બ) એઠવાડ (ક) ગંદુ પાણી નાંખી તથા નંખાવી ન્યુસન્સ કરે છે એવુ આપશ્રી શાના પરથી જણાવો છો? તેની આધાર, પુરાવાઓ સહિતની માહિતી આપવા કૃપા કરશોજી અને નાખનાર વ્યકિતઓના નામ તથા સરનામાંઓ વધુમાં વધુ પાંચ વ્યકિતના આપવા કૃપા કરશોજી. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૪–૧૦–૧૦ ની **SMC/FAP/** નં.૨૧૨/૨૦૧૦–૧૧

શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારીની તા.૧૨–૮–૧૦ ની અરજીથી પશ્ચિમઝોન તરફથી બીપીએમસી એકટ –૧૯૪૯ ના શીડયુલ ચેપ્ટર–૧૪ ,રૂલ્સ ૧૦/૧ મુજબની તા.૬–૮–૧૦ ના રોજ પાઠવેલ નોટીસની વિગતના સંદર્ભે નોટીસમાં જણાવ્યા મુજબ આજુ બાજુના રહીશો (૧) (અ) ગંદો કચરો (બ) એઠવાડ (ક) ગંદુ પાણી નાંખી તથા નંખાવી ન્યુસંસ કરે છે એવુ આપશ્રી શાના પરથી જણાવો છો? તેની આધાર, પુરાવાઓ સહિતની માહિતી આપવા કૃપા કરશોજી અને નાખનાર વ્યકિતઓના નામ તથા સરનામાંઓ વધુમાં વધુ પાંચ વ્યકિતના આપવા કૃપા કરશોજી. વિ. મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબતે ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ./૩૪૭ તા.૧૩–૯–૧૦ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૪–૧૦–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ રજુ કરવા તથા નોટીસની નકલ તથા આસપાસના રહીશોની વિગતો કયા દફતર પરથી લીધી તે વિગત જણાવવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૭૯૨ તા.૧૧–૧૦–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં નોટીસની નકલ રજુ કરેલ નથી જે રજુ કરવા જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/૪૩૯ તા.૧૯–૧૦–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, અરજદારને ન્યુસન્સ બાબતે તા.૬–૮–૧૦ ના રોજ આપેલ નોટીસની નકલ તથા અરજદારને આપેલ માહિતી અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/વેસ્ટઝોન/ ૩૪૭ તા.૧૩–૯–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે. તથા અરજદારની સંદર્ભ પત્ર અન્વયે તા.૬–૮–૧૦ ના ન્યુસન્સની નોટીસની નકલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૧૨–૮–૧૦ થી મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ઝોનલચીફ વેસ્ટઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથીવેસ્ટઝોન/આરટીઆઈ સેલ / ૩૪૭ તા.૧૩–૯–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ છે. જેમાં પશ્ચિમઝોન તરફથી બીપીએમસી એકટ –૧૯૪૯ ના શીડયુલ ચેપ્ટર–૧૪ ,રૂલ્સ ૧૦/૧ મુજબની તા.૬–૮–૧૦ ના રોજ પાઠવેલ નોટીસની વિગતના સંદર્ભે નોટીસમાં જણાવ્યા મુજબ મુદ્દા નં.(૧)આજુ બાજુના રહીશો (અ) ગંદો કચરો (બ) એઠવાડ (ક) ગંદુ પાણી નાંખી તથા નંખાવી ન્યુસંસ કરે છે એવુ આપશ્રી શાના પરથી જણાવો છો? તેની આધાર, પુરાવાઓ સહિતની માહિતી આપવા કૃપા કરશોજી અને નાખનાર વ્યકિતઓના નામ તથા સરનામાંઓ વધુમાં વધુ પાંચ વ્યકિતના આપવા કૃપા કરશોજી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ટીપી નં.૧૨ (અડાજણ) ફા.પ્લોટ નં.૩૦ હાલમાં સ્થળ ઉપર ખુલ્લો છે આ પ્લોટને કંપાઉન્ડ વોલ કરવામાં આવેલ નથી તેમજ પ્લોટનું સમતળ પણ ઉચું નીચું છે જે ઝોન કચેરીએથી પાડવામાં આવેલ ફોટા ઉપરથી તેમજ અરજદારને સાથે રૂબરૂ તા.૧૩–૮–૧૦ ના રોજ લેવામાં આવેલ મુલાકાતમાં પણ બતાવ્યું છે તેવું જણાવેલ છે. (૨) સદર નોટીસના બેમા જણાવેલી વિગતો જેવી કે (અ) નકામાં ઝાડી (બ)ઝાંખરા (ક) વનસ્પતિ (ડ) ઘાસ તથા ઉપદ્રવી ઝાડી–ઝાખરા વગેરેથી કચરો તથા જતી –જીવાત ન્યુસન્સ રૂપ છે. તો આ ઝાડી (બ) ઝંખરા (ક) વનસ્પતિ (ડ) ઘાસ કેવી રીતે ન્યુસન્સ રૂપ છે? તેની વિસ્તૃત વિગતો દરેકની અલગ રીતે આપશોજી. અને કોને ન્યુસન્સરૂપ છે? તે જણાવશો જેમને ન્યુસન્સ રૂપ હોય તેવા વધુમાં વધુમાં પાંચ વ્યકિતઓના નામ તથા સરનામાઓ આપશો. સદર જમીનમાંના કહેવાતા ઝાડી–ઝાખરા કેવી રીતે ઉપદ્રવી છે? તે જણાવશો. તેવા પ્રશ્ન બાબતેજાહેર માહિતી અધિકારી તરફથી ટીપી નં.૧૨ (અડાજણ) ફા.પ્લોટ નં.૩૦ હાલમાં સ્થળ ઉપર ખુલ્લો છે આ પ્લોટને કંપાઉન્ડ વોલ કરવામાં આવેલ નથી તેમજ પ્લોટનું સમતળ પણ ઉચું નીચું છે જે ઝોન કચેરીએથી પાડવામાં આવેલ ફોટા

ઉપરથી તેમજ અરજદારને સાથે રૂબરૂ તા.૧૩–૮–૧૦ ના રોજ લેવામાં આવેલ મુલાકાતમાં પણ બતાવ્યું છે તેવું જણાવેલ છે. (૩) સદર નોટીસના પેરા ત્રણમાં જણાવેલી વિગતો જેવી કે સદર જમીન/ પ્લોટમાં ગંદુ પાણી આવે અને જમા થાય છે એવું પાણી કયાંથી આવે છે? અને કેટલું જમા થયું છે? તે જણાવશો. એવું પાણી આવતુ હોવા બાબતના જે આધાર પુરાવા હોય તે આપશો. ઉપરોકત પુછેલા પ્રશ્નો તથા પેટા પ્રશ્નોના જવાબો, આધાર, પુરાવાઓ વિગતોની તમામની સહી સીકકાવાળી પ્રમાણિત નકલો દરેક નંગ એક લેખે કાયદેસરની સમય મર્યાદામાં આપવા કૃપા કરશો. એ માટેની ફી ભરવા હું સહમત છું માટે ઉપરના સરનામે જાણ કરવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્લોટનું સમતળ ઉચું નીચું હોય વરસાદી પાણીનો ભરાવો થતાો હોવાથી તેમજ તેને નીક પાડી નિકાલ કરવામાં આવેલ નથી.

જે બાબતે અરજદારે રાંદેર ઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૩૪૭ તા.૧૩–૯–૧૦ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૪–૧૦–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે જેમાં અપીલના કારણ તરીકે જાણી બુઝીને માહિતીના પ્રશ્નોથી અસંગત અને ગેરમાર્ગે દોરનાર ખોટા જવાબો આપ્યા છે. જે જવાબ આપ્યો છે તે પણ સારી રીતે વાંચી શકાય તેવા સુવાંચ્ય સ્થિતિમાં નથી તેમજ ઝાંખા અક્ષરે લખાણ છે. તમામ પ્રશ્નો એક જ અને વારંવાર આપ્યા છે. પણ સાચા જવાબ કે આધાર પુરાવાના કારણ આપ્યા નથી. તેવી રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં આપેલ માહિતીની રજૂઆત કરેલ છે પરંતુ ગેરમાર્ગે કે ખોટા જવાબ બાબતે કોઈ આધાર કે વાજબીપણું રજૂ કરેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તરફથી સ્થળ અંગેના ફોટાની નકલ રજૂ કરેલ છે જેમાં આવતાં બાઈક સવારો દ્રશ્યમાન છે અને દિવાલ નહીં હોવાનું પ્રતિપાદિત થાય છે. વધુમાં બાઈક સવાર ધ્વારા તેવા ઝાંખરી સાથેટેકો લીધેલા જણાય છે. અરજદારે પાણીના નિકાલ અંગે જાહેર માહિતી અધિકારીએ નીક બનાવી પાણીનો નિકાલ નહીં કર્યાનું જણવેલ છે તે બાબતે પણ પાણીના નિકાલ અંગે કોઈ ખંડન કરેલ નથી. વધુમાં જાહેર માહિતી અધિકારી તા.૧૩–૮–૧૦ ની રૂબરૂ મુલાકાતમાં પણ તેમના પ્લોટના સમતળ બાબતે અને દિવાલ બાબતે જણાવેલ છે. તે બાબતે પણ કોઈએ ખંડન કરેલ નથી. અરજદારે જાહેર માહિતી અધિકારીએ આપેલ નકલની ઝેરોક્ષ કોપી રજૂ કરેલ છે તે જોતાં તે ઝાંખી હોવાનું પ્રતિપ્રાદિત થાય છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યામાં કરેલ જોગવાઈ અનુસાર જાહેર સત્તા મંડળ પાસ ેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

વધુમાં અરજદારે અરજી કે અપીલના કોઈ જ તબકકે સદર પ્લોટના મિલ્કત/કબ્જો તેમનો નહીં હોવાની કોઈ રજૂઆત કરેલ નથી કે નોટીસમાં નિર્દિષ્ટ સદર બાબતનું ખંડન કરેલ નથી. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ નોટીસ જાહેર સ્વાથ્ય અને આરોગ્યની જાળવણીના ઉપલક્ષ્યમાં સ્થાનિક સ્વરાજય તરીકે સુ.મ.ન.પા. ને પ્રદાન થયેલ સત્તા અને ફરજ અદા કરવાના ભાગરૂપે છે. રહેણાંક વિસ્તારમાં આ પ્રકારની સ્થિતિ એકંદરે જાહેર આરોગ્યના હિતમાં હોઈ શકે નહીં તે પણ સ્વીકૃત બાબત છે. મુદ્દા નં.૩ ની માહિતી જાહેર માહિતી અધિકારીએ આપેલ છે જ. જયારે મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી તેવા નામો હોય તો પણ આરટીઆઈ એકટની કલમ–૮(૧) (જી) અન્વયે જાહેર કરવામાંથી મુકત હેઠળ આવી શકે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૨–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. વધુમાં અરજદારની રજૂઆતને ધ્યાને લઈ આપવામાં આવેલી માહિતીની સારી અને વાંચી શકાય તેવી નકલ પુનઃ પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશનર (સ્પે.)<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)....જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી મોહનભાઈ દુર્લભભાઈ ભંડારી